# કોરોનાની પક્કડ ઢીલી પડતાં વાલીઓ-શાળા સંચાલકોને રાહત

**જિલ્લાની શાળાઓમાં ધો. ૯ થી ૧૨ ના ૧.૩૧ લાખ વિદ્યાર્થીઓની આજથી પ્રિલીમ પરીક્ષા : વિદ્યાર્થી કન્ટેન્ટમેન્ટ ઝોનમાં હશે તો પરીક્ષા માટે અલગ તારીખ અપાશે : લગ્નસરાની સીઝનમાં પરીક્ષાના આયોજનથી પાંખી હાજરીની દહેશત**

બાયડ, તા. ૯

શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૦ ફેબ્રુઆરી થી ૧૮ ફેબ્રુઆરી દરમ્યાન ધો. ૯ થી ૧૨ ની શાળાઓમાં પ્રિલીમનરી પરીક્ષાના આયોજન માટે આદેશ અપાયા છે. આજ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૫૦૪ મા. અને ઉ.મા. શાળાઓમાં ધો. ૯ થી ૧૨ ની પ્રિલીમ પરીક્ષા યોજાશે જેમાં ૧,૩૧,૧૨૯ વિદ્યાર્થીઓ સામેલ થશે. પરીક્ષા ઓફલાઈન યોજવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે પરંતુ લગ્નસરાની સીઝનના કારણે પરીક્ષાના આયોજનમાં પાંખી હાજરી શાળા સંચાલકો અને આચાર્યો માટે ચિંતાનો વિષય બની શકે છે. કોરીનાની પક્કડ ઢીલી પડતાં અને ધો. ૧ થી ૧૨નું સળંગ ઓફલાઈન શિક્ષણ ચાલુ થયું હોવાથી વાલીઓને રાહત થઈ છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ હોવાથી વિદ્યાર્થી જો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં હોય કે બિમાર હોય તો તેવા વિદ્યાર્થી માટે શાળાકક્ષાએથી અલગ તારીખ નક્કી કરીને પરીક્ષા યોજવાની રહેશે.

કોરોનાના કારણે ગત વર્ષે તમામ ધોરણના વિદ્યાર્થીઓને માશ પ્રમોશન અપાતાં અનેક વિદ્યાર્થીઓ અભ્યાસમાં કાચા રહ્યાના ગંભીર તારણ સામે આવ્યા છે. જ્યારે કોરોનાનું સંક્રમણ એકાએક વધતાં શાળાઓમાં લાંબા સમય સુધી ઓનલાઈન શિક્ષણ ચાલુ રહ્યું. પરંતુ વિદ્યાર્થીઓનો લર્નિંગ લોસ ઘટાડવામાં મોટાભાગના શિક્ષકોએ નિષ્ઠાવાન પ્રયાસ કર્યા પરંતુ ધારી સફળતા મળી નથી તે જોતાં આગામી માર્ચ-૨૦૨૨માં યોજાનારી ધો. ૧૦-૧૨ બોર્ડ પરીક્ષામાં નબળા પરિણામની આશંકા અનેક શાળાઓને સતાવી રહી છે. આજથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકામાં આવેલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પ્રિલીમ પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે તેની પૂર્વ સંધ્યાએ શાળાઓમાં નંબર લખવાની કામગીરી શરૂ થઈ હતી. પ્રિલીમ પરીક્ષાના કારણે જિલ્લામાં પરીક્ષામય માહોલ ઉભો થયો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના કુલ-૧.૩૧ લાખ વિદ્યાર્થીઓ પ્રિલીમ પરીક્ષા આપશે. એકમ ક્સોટીના પ્રશ્નપત્રો ઘેર લખવાની છૂટ હતી પરંતુ પ્રિલીમ પરીક્ષામાં આવી કોઈ છૂટછાટ આપવામાં આવી નથી. ઓફલાઈન પરીક્ષા યોજવાની તમામ શાળાઓને ડી.ઈ.ઓ. શેરી દ્વારા સૂચના આપવામાં આવી છે.

### ૧.૩૧ લાખ વિદ્યાર્થીઓ પ્રિલીમ પરીક્ષા આપશે...

**સાબરકાંઠા જિલ્લો**

| ધોરણ | વિદ્યાર્થી સંખ્યા |
|---|---|
| ધો. ૯ | ૨૧,૪૮૭ |
| ધો. ૧૦ | ૨૧,૦૩૪ |
| ધો. ૧૧ | ૧૮,૧૫૮ |
| ધો. ૧૨ | ૧૦,૪૨૨ |

**અરવલ્લી જિલ્લો**

| ધોરણ | વિદ્યાર્થી સંખ્યા |
|---|---|
| ધો. ૯ | ૧૮,૩૭૨ |
| ધો. ૧૦ | ૧૭,૩૪૬ |
| ધો. ૧૧ | ૧૪,૮૪૬ |
| ધો. ૧૨ | ૯૫૭૧ |

### કન્ટેન્ટમેન્ટ ઝોન કે બિમાર વિદ્યાર્થી માટે શાળા અલગ પ્રશ્નપત્રો તૈયાર કરશે...

રાજ્યમાં એક સાથે તમામ મા. અને ઉ.મા. શાળાઓમાં તા.૧૦ ફેબ્રુઆરીથી ૧૮ ફેબ્રુઆરી દરમ્યાન ધો. ૯ થી ૧૨ ની પ્રિલીમ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થી બિમાર હોય કે પછી કન્ટેન્ટમેન્ટ ઝોનમાં આવતા હોય તો આવા વિદ્યાર્થી પરીક્ષા આપી ન શકે તેવા કિસ્સામાં શાળાકક્ષાએથી અલગ પ્રશ્નપત્રો તૈયાર કરી પછીથી પરીક્ષાનું આયોજન કરવા ખાસ જણાવાયું છે.

**કેટલાંક વાલીઓ સ્કુલની તરફેણમાં સામે આવ્યા**

# મોડાસાની ચાણક્ય સ્કુલના બંધ કરાવવા અધિકારીઓના ધમપછાડા કોના ઈશારે ?

**અન્ય જાણીતી સ્કુલમાં કોરોના સમયે વિદ્યાર્થીઓને બોલાવી પરીક્ષા લેવાઈ છતાં પગલાં કેમ ન ભરાયાં..?**

મોડાસાની ચાણક્ય સ્કુલમાં વિદ્યાર્થીઓને માર મારવાની ઘટનામાં શિક્ષણ વિભાગના અધિકારીએ શાળાની માન્યતા રદ કેમ ન કરવી ? તેવી નોટીસ આપી છે. પરંતુ કોરોના કાળમાં શાળાઓ બંધ રાખવાની સ્પષ્ટ સૂચના છતાં મોડાસાની જાણીતી સ્કુલમાં વિદ્યાર્થીઓને બોલાવી પરીક્ષા લેવામાં આવી હતી અને આ અંગેની લેખિત રજુઆત પછી પગલાં ભરવાના બદલે રજુઆતનું ફીડલું વાળી દીધું હતું. જ્યારે એફ.આર.સી. માં મંજુર થયેલ ફી કરતાં પણ વધુ ફી ઉસેડી હોવા છતાં કેમ પગલાં ન ભરાયા ? અને માત્ર ચાણક્ય સ્કુલ ઉપર જ કેમ તંત્ર એકસાથે તૂટી પડ્યું ? તેની ભીતરમાં ઉંડી તપાસ થાય તો ચાણક્ય સ્કુલ બંધ થાય તો કેટલાંકના ધંધામાં તેજી આવે તે માટે બેકસાઈડ ડ્રાઈવીંગ કરી અધિકારીઓ પાસે કામગીરી કરાવતાં હોવાની લોકચર્ચા છેડાઈ છે. કેટલાંક વાલીઓ ચાણક્ય સ્કુલની તરફેણમાં આવતાં કેટલાંકની મનની મનમાં રહી જાય તેવી સ્થિતિ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અનેક વિદ્યાર્થીઓની કારકીર્દિ બનાવવામાં ચાણક્ય સ્કુલ અને તેના સ્ટાફની મહત્વની ભૂમિકા ક્યારેય નજર અંદાજ ન કરી શકાય. પરંતુ છેલ્લા કેટલાંક દિવસથી ચાણક્ય સ્કુલના શિક્ષક ઉપર કેટલાંક લોકો પાછળ પડી ગયા છે. વિદ્યાર્થીઓને માર મારવાની ઘટનાને આગળ ધપાવી સ્કુલની માન્યતા રદ થઈ જાય તે હદના પ્રયત્નો શરૂ થાય છે પરંતુ ચાણક્ય સ્કુલને બદનામ કરનારા તત્વો સામે કાયદેસરની કાર્યવાહી શરૂ થઈ છે. જ્યારે કેટલાંક વાલીઓએ લેખિત નિવેદન આપીને અમારા સંતાનોને જે કોઈ શિક્ષા કરી હોય તે સામે અમારે કોઈ વાંધો નથી. ધો.૧૧ના વિદ્યાર્થીના પિતા ભાવેશભાઈ પટેલ, અમિતભાઈ દરજી વગેરેએ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં આવતાં અહેવાલોને સખત શબ્દોમાં વખોડી કાઢ્યા છે અને તાલીબાની સજા જેવા શબ્દનો પ્રયોગ કરનારા અખબારની માન્યતા રદ કરવા માટેની અનેક કેળવણીકારોએ માંગ કરી છે. એકાએક સુરાતનમાં આવેલા જિલ્લા શિક્ષણ અધિકારીએ ચાણક્ય સ્કુલની માન્યતા રદ કરવા નોટીસ આપીને કોને ખુશ કરવાનો પ્રયાસ કર્યો ? તે આવનારા દિવસોમાં બહાર આવશે પરંતુ જિલ્લા શિક્ષણ અધિકારીએ તેમની કચેરીથી આસપાસમાં આવેલી જાણીતી સ્કુલોમાં વાલીઓને ખંખેરીને નિર્ધારીત ફી કરતાં વધુ ફી વસુલવામાં આવે છે અને પાવતી પણ આપવામાં આવતી નથી. તેમજ કોરોના કાળમાં શાળાઓ બંધ હોવા છતાં ફી ઉસેડવા માટે વિદ્યાર્થીઓને શાળામાં બોલાવી પરીક્ષા લેવામાં આવી તે અંગેની ફરીયાદ કચેરીમાં કરી હોવા છતાં પગલાં ભરવામાં કેમ પાછીપાની કરવામાં આવી ? તેની પણ ઉચ્ચ કક્ષાએથી તપાસ થવી જઈએ. ડી.ઓ. હસ્તકની અનેક શાળાઓમાં બિલ્ડર અને રાજનેતા બનેલા શિક્ષકોએ શાળામાં જવાનું છોડી અન્ય ગ્રેજયુએટો દ્વારા શાળાઓમાં અભ્યાસ કરાવવામાં આવે છે. તેની તપાસ કરવાની તસદી લીધી છે ખરી. વિદ્યાર્થીઓ યોગ્ય અભ્યાસ કરતા ન હોય અને ચાણક્ય સ્કુલ જેવી નિષ્ઠાવાન સંસ્થાઓ વિદ્યાર્થીઓના ભાવી માટે કોઈ પગલાં ભરે તો શાળાની માન્યતા રદ કરવા સુધીની હદ પાર કરતા વિભાગની પણ નિયત ચકાસવા જેવી ખરી.

### ચાણક્ય સ્કુલને બદનામ કરનારા સાવધાન, શિક્ષણમંત્રીને રજુઆત

મોડાસાની ચાણક્ય સ્કુલને બદનામ કરવાની સાથે હવે તેની માન્યતા રદ કરાવવાની પેરવી શરૂ થઈ છે અને અધિકારીઓ કઠપૂતળીની જેમ કામગીરી કરતાં હોવાની લોકચર્ચા છેડાઈ છે. કોના ઈશારે આ ષડયંત્ર રચાયું છે ? તેની વિગતો બહાર આવી છે અને શિક્ષણમંત્રીને પણ અરવલ્લી જિલ્લા શિક્ષણ અધિકારીની કામગીરી અને ભૂતકાળમાં આપેલી એન.ઓ.સી.માં શું રંધાયું ? તેની તમામ વિગતો પહોંચ્યાનું જાણવા મળ્યું છે. કેટલાંક કિસ્સાઓમાં કર્મચારીઓને રીકોલ કરવામાં પણ મોટાપાયે ઉઘરાણાંના આક્ષેપ લાગ્યા છે.

## ધાનેરામાં આવેલ મધુસુદન રેસીડેન્સીમાં ગટરલાઈન બાબતે સ્થાનિકોનો હોબાળો

ધાનેરા ખાતે આવેલ મધુસુદન રેસીડેન્સી ગટર લાઈનમાં ગટર ચોકઅપ થઈ જતા ગંદુ પાણી રોડ પર રેલાતા હોવાથી સ્થાનિક લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, વારંવાર રજૂઆત કરવા છતાં સમસ્યાનો કોઈ જ નિરાકરણ ન આવતા સ્થાનિક લોકોમાં રોષ જોવા મળ્યો હતો. અને જો તેનું નિરાકરણ તાત્કાલિક નહીં કરવામાં આવે તો આગામી સમયમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી અને નગરપાલિકાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે.



ઊંઝા નજીકમાં ઉનાવા ગામે ગ્રામ પંચાયતના પટાંગણમાં શ્રી સત્સંગી સાકેતધામ રામ આશ્રમ વડસ્મા સંચાલિત હિમાલય આર્યુવેદિક પંચકર્મ હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન અને ચિકિત્સા કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ગામના મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો. દર્દીઓને વિનામુલ્યે દવાઓ આપવામાં આવી હતી તેમજ દર્દીઓનું ફ્રી માં ડાયાબિટીસ અને બ્લડપ્રેસર ચેક કરવામાં આવ્યું હતું. આ આયુર્વેદિક કેમ્પમાં સંચાલક મેશ્વાબેન બારોટ, ભુવનભાઈ રાવલ તેમજ ગામના સરપંચ સહિત અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં ડૉ. જીગ્નેશભાઈ, ડૉ. સૂરજસિંહ, ડૉ. ફાલ્ગુની, ડૉ. હિરલ, નર્સો ખુશ્બુ, અરૂણા, શિવાંગી, હિના, સોનલ વગેરેએ દર્દીઓને તપાસી સારી શ્રુષુશા કરી હતી.

## સાબરકાંઠામાં કોરોનામાં મૃતકના પરિવારોમાં ૪ લાખની સહાય આપવા કોંગ્રેસનું આવેદનપત્ર

**દરેક જિલ્લામાં કોંગ્રેસ સક્રીય થતાં રાજકારણ ગરમાયું**

બાયડ, તા. ૯

સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા ક્લેક્ટરને આવેદનપત્ર આપી કોરોનામાં મૃત્યુ પામેલા દર્દીઓના પરિવારજનોને સરકાર દ્વારા ૪ લાખની સહાય ચૂક્વાય તેવી રેલી સ્વરૂપે રજૂઆત કરી હતી. દરેક જિલ્લામાં કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર આપવાના કાર્યક્રમો યોજાતાં કોંગ્રેસ સક્રીય થતાં રાજકારણ ગરમાયું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સુપ્રિમ કોર્ટના નિર્દેષ પછી કોરોનાથી મૃત્યુ પામેલા દર્દીના પરિવારને ૫૦ હજારની સહાય આપવામાં આવી છે. પરંતુ કોંગ્રેસ દ્વારા આવેદનપત્રમાં કોરોના કાળ દરમ્યાન હોસ્પિટલ, બેડ, દવાઓ, ઈંજેક્શન, ઓક્સિજન અને વેન્ટીલેટરના અભાવે ગુજરાતમાં ૩ લાખથી વધુ દર્દીઓના મોત નિપજ્યા છે. ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓના સગાઓની ઉઘાડી લૂંટ થઈ છે તેવો આરોપ લગાવી પશુઓ અને મનુષ્યો માટે ૫૦-૫૦ હજારના વળતરની એક સમાન ધારાધોરણ જાહેર કરી ભારત સરકાર અસંવેદનશીલ હોવાનો આરોપ લગાવ્યો છે અને ૫૦ હજારના બદલે ૪ લાખ સહાય આપવામાં આવે અને દવાનો ખર્ચ અલગથી આપવા માટે તા. ૮ ફેબ્રુઆરીએ અરવલ્લી ફ્લેક્ટરને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ વિશ્વનાથ સી. વાઘેલાની ઉપસ્થિતિમાં આવેદનપત્ર આપીને રજૂઆત કરી હતી જેમાં કોંગ્રેસ સંગઠન હોદ્દેદારો, કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યો સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

**અરવલ્લીમાં ગેરકાયદે વિસ્ફોટક સામગ્રી સાથે દોડતાં**

## વાહનો એસ.ઓ.જી.ને દેખાતાં નથી, માત્ર દેશી બનાવટની બંદૂકો પકડવામાં રસથી આશ્ચર્ય

**મેઘરજના બાંઠીવાડામાંથી એસ.ઓ.જી.એ ગેરકાયદેસર હાથ બનાવટની બંદૂક ઝડપી**

બાયડ, તા. ૯

અરવલ્લી જિલ્લામાં ગેરકાયદેસર રીતે વિસ્ફોટક સામગ્રી સાથે દોડતાં વાહનો એસ.ઓ.જી.ને દેખાતાં નથી પરંતુ માત્ર દેશી બનાવટની બંદૂકો જપ્ત કરવામાં જ રસ રહ્યો છે. ગત રોજ મેઘરજના બાંઠીવાડા ગામે એસ.ઓ.જી.ની ટીમે રહેણાંક મકાનમાંથી હાથ બનાવટની એક નાડવાળી બંદૂક ઝડપી જાણે કે મોટી ધાડ મારી હોય તેવી લાગણી અનુભવી છે. છેલ્લા કેટલાક સમયથી કૂવાઓમાં ગેરકાયદેસર બ્લાસ્ટ કરવા માટે વિસ્ફોટકોનો ઉપયોગ થઈ રહ્યો છે તેની સામે એસ.ઓ.જી.ની ચૂપકીદીથી આશ્ચર્ય ઉભું થયું છે.

ઉચ્ચકક્ષાએથી અપાયેલા આદેશ પછી એસ.ઓ. જી.ની ટીમો ગ્રામ્ય વિસ્તારોમાં ગેરકાયદેસર હથિયારો તેમજ અન્ય અસામાજીક પ્રવૃત્તિ ઉપર અંકુશ મૂકવા માટે દોડતી થઈ છે. ખાસ કરીને ગેરકાયદેસર હથિયારી જપ્ત કરવામાં ટીમને વધુ રસ રહ્યો છે. ગત રોજ મેઘરજ તાલુકાના બાંઠીવાડા ગામે ટીમે બાતમીના આધારે સુજાભાઈ સરદારભાઈ ડામોરના ઘરેથી ગેરકાયદેસર રખાયેલી રૂ. ૧૦ હજારની કિંમતની દેશી બંદૂક જપ્ત કરી મેઘરજ પોલીસ સ્ટેશનમાં આમ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાવ્યો છે. ગેરકાયદેસર હથિયારી જપ્ત થવાં જ જોઈએ તેની ના નથી પરંતુ હાઈવે માર્ગો ઉપર ગેરકાયદેસર વિસ્ફોટકો ભરીને પસાર થતા ટ્રેક્ટર તેમજ અન્ય વાહનો સામે એસ.ઓ.જી.ની કામગીરીન બરાબર બની રહી છે.

### એસ.ઓ.જી., એલ.સી.બી.ના અધિકારી રજા ઉપર અસામાજીક પ્રવૃત્તિ કરનારાઓને મોકળું મેદાન

અરવલ્લી જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓએ માઝા મૂકી છે. વિદેશી દારૂની હેરાફેરી પછી ગેરકાયદેસર હથિયારો તેમજ વિસ્ફોટકોની હેરાફેરીએ ચિંતા જગાવી છે. જિલ્લામાં એસ.ઓ.જી. પી.એસ.આઈ. વી.વી. પટેલ, એલ.સી.બી.ના અધિકારી સી.પી. વાઘેલા રજા ઉપર હોવાથી અસામાજીક પ્રવૃત્તિ કરનારાઓને આપો આપ મોકળું મેદાન મળ્યું છે. વિસ્ફોટકોની હેરાફેરી સામે ક્યાંય નેત્ર દિપક કામગીરી થઈ ન હોવાથી એસ.ઓ.જી. અને એલ.સી.બી. સામે ગંભીર આક્ષેપ થવા લાગ્યા છે.

## મુનાઈની સાબરકાંઠા બેન્કમાં રૂ. ૫૯ હજારની ઉચાપત


ભિલોડા તાલુકાના મુનાઈની સાબરકાંઠા બેન્કમાં સહકાર સાથી તરીકે પત્નિ અને કેશિયર પતિએ ફરજ દરમ્યાન એ.ટી.એમ. કાર્ડ દ્વારા નાણાં ઉપાડવા આવતા ગ્રાહકોના ખાતામાંથી સીસ્ટમનો ઉપયોગ કરી રૂ. ૧ થી ૫૦ સુધીની રકમ મળી કુલ ૫૯,૪૪૭ની ઉચાપત કર્યાનું તપાસમાં બહાર આવતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે ભિલોડા પોલીસે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો નોંધ્યો છે. ઈડર તાલુકાના ગાંઠીયોલ ગામના જલ્પાબેન જેતાવત ભિલોડા તાલુકાના મુનાઈની સાબરકાંઠા બેન્ક શાખામાં સહકાર સાથી અને પતિ ઉપેન્દ્રસિંહ જેતાવત કેશિયર તરીકે ફરજ બજાવી રહ્યા છે. પતિ-પત્નિએ તા. ૧-૯-૧૮ થી તા.૩૦-૧૧-૨૨ ના સમયગાળામાં બેન્કમાં પોતાની ફરજ દરમ્યાન બન્કના માઈક્રો એ.ટી.એમ. મશીનની કરવામાં આવેલી ફાળવણીનો દુરૂપયોગ કર્યો જેમાં કેશિયર પતિએ બેન્ક ગ્રાહકો દ્વારા એ.ટી.એમ. કાર્ડથી ઉપાડવામાં આવતા નાણાંમાંથી રકમ સેરવી લેવા માટે સીસ્ટમનો ઉપયોગ કરી જુદા જુદા રકમના નાણાંની ઉચાપત કરી પોતાના ખાતામાં સીસ્ટમની મદદથી ટ્રાન્સફર કરી દીધા હતા. પતિ-પત્નિએ બેન્કની ફરજ દરમ્યાન માઈક્રો એ.ટી.એમ. સીસ્ટમનો દુરૂપયોગ કરી જુદી જુદી તારીખમાં ગ્રાહકોના કુલ ૫૯,૪૪૭ની ઉચાપત કરી પોતાના અંગત કામમાં વાપરી નાખ્યા હતા. ચાલાકીપૂર્વક કરવામાં આવેલી ઉચાપત આખરે તપાસમાં પકડાઈ જતાં બેન્ક કર્મી પતિ-પત્નિનો ભાંડો ફૂટી ગયો. બનાવ અંગે અશોકુમાર કરસનદાસ સોનેરીની ફરિયાદના આધારે ભિલોડા પોલીસે આરોપી જલ્પાબેન ઉપેન્દ્રસિંહ જેતાવત અને ઉપેન્દ્રસિંહ દિલીપસિંહ જેતાવતસામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મહાદેવગ્રામમાં ગૌચરમાં નવા ચૂંટાયેલા સરપંચે દબાણ કર્યાના આક્ષેપથી ખળભળાટ

**તપાસ કરી સરપંચ પદેથી બરતરફ કરવા લેખિત ફરિયાદ**

બાયડ, તા. ૯

મોડાસા તાલુકાના મહાદેવગ્રામ ગૃપ ગ્રામ પંચાયતના નવા ચૂંટાયેલા સરપંચે ગ્રામ પંચાયતના ગૌચરની જમીનમાં દબાણ કર્યું હોવાના આક્ષેપથી ખળભળાટ મચી ગયો છે. સ્થાનિક રહીશ દ્વારા તપાસ કરી સરપંચને હોદ્દા ઉપરથી બરતરફ કરવા માટે ઉચ્ચકક્ષાએ લેખિત ફરિયાદ કરતાં હલચલ મચી છે. હાઈકોર્ટ, સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ દબાણકાર પંચાયતની મિલ્કતમાં દબાણ કરે તો પંચાયતના સરપંચ કે સભ્ય તરીકે રહી શકતા ન હોવાથી તેમની સામે તાત્કાલિક કાર્યવાહી કરવા માટે માંગ કરી જરૂર પડે લેન્ડ ગ્રેબિંગ એક્ટ-૨૦૨૦ અંતર્ગત કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.



મહાદેવગ્રામના વિરેન્દ્રસિંહ કિશોરસિંહ રાઠોડે જિલ્લા ક્લેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી તેમજ વિકાસ કમિશ્નર સમક્ષ કરેલી લેખિત ફરિયાદ મુજબ તાજેતરમાં ગૃપ ગ્રામ પંચાયતની ચૂંટણી સંપન્ન થઈ છે જેમાં સરપંચ પદે પંકજસિંહ ભારતસિંહ રાઠોડ ચૂંટાઈ આવ્યા છે પરંતુ તેમને ગ્રામ પંચાયતની માલિકીની ગૌચરની જમીનમાં દબાણ કરી મકાન, ગોડાઉન, ઓરડીઓ તેમજ શેડનું બાંધકામ કરેલ છે. રંગલા ડુંગરી તરીકે ઓળખાતી જગ્યામાં સરપંચ દ્વારા દબાણ કરી મકાન બનાવવામાં આવ્યું છે. પંચાયતના આકારણી રજીસ્ટરમાં આ મિલ્કત ૭૨ નવા નંબરથી નોંધાયેલી છે, માલિકીની જમીનમાં મકાન બાંધ્યું હોવાની ખોટી રજૂઆત કરી પંચાયતમાં નોંધણી કરાવવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગોડાઉન, ઓરડીઓ તેમજ શેડનું બાંધકામ પણ ગેરકાયદેસર હોવાનો અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સરપંચની માલિકીની જમીનના ક્ષેત્રફળની માપણી કરવાથી કરવામાં આવેલા દબાણનો ભાંડો ફૂટે તેમ છે. સરપંચ દ્વારા ગૌચરની જમીનમાં દબાણ કરી કરવામાં આવેલા બાંધકામની મિકતનો વેરો ગ્રામ પંચાયતમાં ભરવામાં આવે છે પરંતુ વેરો ભરવાથી દબાણની જગ્યાની માલિકી તેમની થઈ જતી ન હોવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે. નવા ચૂંટાયેલા સરપંચ દ્વારા જ પોતાનું દબાણ મિલ્કત વેરો ભરી દબાવવાનો પ્રયાસ કરવામાં આવતો હોવાથી અરજદાર દ્વારા આ મુદ્દે ઉચ્ચકક્ષાએ ફરિયાદ કરવામાં આવી છે. તંત્ર દ્વારા તપાસ કરી સરપંચને હોદ્દા ઉપરથી બરતરફ કરવા માટે પણ માંગ કરવામાં આવતાં સત્તાનું સૂકાન સંભાળનાર સરપંચ માટે દબાણનો પ્રશ્ન મુસીબતરૂપ બની શકે છે.

## પ્રાંતિજના વનરક્ષકને સાપ કરડતા મોત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ બીટ વિસ્તરરેજના વનરક્ષકને કમાલપુર નર્સરીમા ફેરણા દરમ્યાન કોબરા સાપે પગે દંખ મારતા મોત નિપજ્યુ હતુ. પ્રાંતિજ ખાતે પ્રાંતિજ બીટ વિસ્તરરેજના વનરક્ષક ઈશ્વરભાઈ શામજીભાઈ સરવૈયા ગલેસરા વિસ્તારમા આવેલ કમાલપુર નર્સરીમા ફેરણા દરમ્યાન ગયા હતા તે દરમ્યાન તેવોને પગે કોબરા સાપે દંખ મારતા તેવોને ચક્કર જેવુ આવતા આ અંગેની જાણ મોબાઈલ ઉપર મંજુરને કરતા મજુર દ્વારા પ્રાંતિજ આરરેફો તથા ફોરેસ્ટ અધિકારીને જાણ કરતા પ્રાંતિજ આરએફો તથા ફોરેસ્ટ અધિકારી તાત્કાલિક કમાલપુર નર્સરી ખાતે દોડી આવ્યા હતા.

# હાશ... સરકારે ડ્રાઈવિંગ લાયસન્સના નિયમો હળવા કર્યા

**જિલ્લામાં લાયસન્સ ઈચ્છુકોને ડ્રાઈવિંગ ટેસ્ટ આપવામાંથી મુક્તિ : આર.ટી.ઓ.નો ધક્કો બચ્યો**

બાયડ, તા. ૯

વાહન હંકારવા માટે જરૂરી લાયસન્સ મેળવવું હોય તો આર.ટી.ઓ.માં ડ્રાઈવિંગ ટેસ્ટ આપવી ફરજીયાત હતો જેમાં વારંવાર આર.ટી.ઓ.ના ધરમ ધક્કા લાયસન્સ ઈચ્છુકોને થતા હતા પરંતુ હવે સરકારે ડ્રાઈવિંગ લાયસન્સના નિયમો હળવા કર્યા છે જેથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના લાયસન્સ ઈચ્છુકોને હવેથી આર.ટી.ઓ.માં ડ્રાઈવિંગ ટેસ્ટ આપવાથી મુક્તિ મળી જશે. નિયમો લાગુ થઈ ગયા હોવાથી પ્રાદેશિક પરીવહન કાર્યાલયના ધક્કા તેમજ લાયસન્સ માટે લાંબી લાઈનમાં ઉભા રહેવામાં રાહત મળનારી હોવાથી સરકારના આ નિર્ણયને આવકાર મળ્યો છે.

સરકારે વાહન લાયસન્સ માટે નિયમમાં કરેલા સુધારા મુજબ હવે આર.ટી.ઓ.માં કોઈપણ પ્રકારનો ડ્રાઈવિંગ ટેસ્ટ આપવાની જરૂર નથી. કેન્દ્રીય માર્ગ પરીવહન અને હાઈવે મંત્રાલયે આ નિયમો નોટીફાઈડ કરી દીધા છે. જેનાથી ડ્રાઈવિંગ લાયસન્સ માટે આર.ટી.ઓ.ના વેઈટીંગ લીસ્ટમાં જેમની અરજીઓ છે તેમને મોટી રાહત થઈ શકે છે. હવેથી કોઈપણ માન્યતા પ્રાપ્ત ડ્રાઈવિંગ ટ્રેનિંગ સ્કુલમાં ડ્રાઈવિંગ લાયસન્સ માટે અરજી કરવાની રહેશે. જ્યારે ડ્રાઈવિંગ ટ્રેનિંગ જે તે સ્કુલમાંથી જ લીધા પછી ત્યાં ટેસ્ટ પાસ કરવાનો રહેશે. અરજદારને ત્યાંથી જ પ્રમાણપત્ર મળી રહે તેવી વ્યવસ્થા પછી અરજદારનું ડ્રાઈવિંગ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવશે. ડ્રાઈવિંગ લાયસન્સ સ્કૂલ અને લાયસન્સ માટે કેટલીક માર્ગદર્શિકા અને શરતો પણ જાહેર કરવામાં આવી છે. જિલ્લામાં અત્યાર સુધી વાહન હંકારવા માટે લાયસન્સ ઈચ્છુકોને અરજ કર્યા પછી જે તે જિલ્લાની આર.ટી.ઓ. કચેરીમાં જઈ ડ્રાઈવિંગ ટેસ્ટ આપવો પડતો હતો જેમાં કેટલાક કિસ્સાઓમાં તો એક થી પણ વધુ ધક્કા થાય ત્યારે માંડ લાયસન્સ મળી શકતું હતું પરંતુ હવે સરકારે ડ્રાઈવિંગ માટે નિયમો હળવા બનાવ્યા છે. આ નિયમો લાગુ પણ કરી દેવામાં આવ્યા હોવાથી જિલ્લાની આર.ટી.ઓ. ક્ચેરીઓમાં લાયસન્સ માટે લાગતી લાંબી લાઈનો અને સુધારા મુજબ આર.ટી.ઓ.માં ડ્રાઈવિંગ ટેસ્ટ આપવામાંથી મુક્તિ મળી છે.